ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૧/૧૯–૨૦/ 2353 તારીખ : [illegible]

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
મે. અવસર સિરામીક એલ.એલ.પી.,
નવાગામ રોડ, નવાગામ,
મુ. થાનગઢ–૩૬૩ ૫૩૦.
**મો.નં. ૯૯૨૫૭ ૬૧૪૩૩.**

કેસ નં.૧૧/૧૯–૨૦

**વિષય : વિદ્યુત શુલ્ક ૦.૨૫ ના બદલે ૦.૧૦ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૩/૦૪/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૧૯–૨૦/૧૪૫૯ તા.૧૨/૦૪/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૧૯–૨૦/૨૦૧૯ તા.૦૧/૦૬/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૬/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૧/૧૯–૨૦** ☜

વાદી :– મે. અવસર સિરામીક એલ.એલ.પી.

◈ **વિરુધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૧.૦૬.૨૦૧૯** ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. અવસર સિરામીક એલ.એલ.પી. નવાગામ રોડ, નવાગામ થાનગઢ, જી.સુરેન્દ્રનગરની વિદ્યુત શુલ્ક ૦.૨૫ ને બદલે ૦.૧૦ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧/૧૯–૨૦/૧૪૫૯ તા.૧૨.૦૪.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૧.૦૬.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી તરફે શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અવસર સીરામીક LLP ના નામથી નવાગામ રોડ, થાનગઢ સબ ડીવીઝનમાં ગ્રાહક નં.૨૭૭૦૪/૦૦૬૫૦/૯ થી વીજ કનેકશન ધરાવીએ છીએ. જેમાં અમારે પ્રથમ બીલ થી જ વિદ્યુતશુલ્ક (ED) ૨૫ પૈસા લાગે છે. જે તમામ સીરામીક એકમોમાં ૧૦ પૈસા લાગે છે.

૧.૨ ઉપરોક્ત બાબતે અમોએ વારંવાર મૌખિક રજુઆત કરેલ પરંતુ તેનું કોઈ પરીણામ ન આવતાં અમોએ તા.૧૬.૧૦.૧૮ ના રોજ નાયબ ઈજનેરશ્રી, થાનગઢને લેખિત રજુઆત કરેલ, જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે. ત્યારબાદ પરીણામ ન આવતાં અમોએ તા.૨૯.૧૦.૧૮ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી, સુરેન્દ્રનગરમાં પણ અરજી કરેલ, જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

૧.૩ ઉપરોક્ત રજુઆત કરવા છતાં પણ અમારૂ છેલ્લુ બીલ તા.૨૭.૦૩.૧૯ ના રોજ આવેલ ત્યાં સુધી વિદ્યુતશુલ્કમાં સુધારો આવેલ નથી, જે બીલની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

૧.૪ ઉપરોક્ત મુદ્દાઓને ઘ્યાને લઈ અમારી આપ સાહેબને નમ્ર અપીલ છે કે હવે પછીના બીલમાં વિદ્યુતશુલ્ક ૨૫ ના બદલે ૧૦ પૈસા લાગે તથા અમારા પ્રથમ બીલથી આજદીન સુધીના તમામ બીલોમાં વધારે લાગેલ વિદ્યુતશુલ્ક જે વધારે વસુલાયેલ છે, તે ડીફરન્સની રકમ પણ અમોને જમા મળે, તેવી આપ સાહેબને નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ મે. અવસર સીરામીક એલ.એલ.પી. એ થાન પેટા વિભાગીય કચેરીનાં જણાવ્યા મુજબ એ સીરામીક પ્રોડકટનું મેન્યુફેકચરીગ કરે છે અને જો મેન્યુફેકચરીગ યુનિટ હોય તો ગ્રાહકને વિદ્યુતશુલ્ક ૦.૨૫ પૈસા ને બદલે ૦.૧૦ પૈસા કરવા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર દવારા પત્ર નં.એસ.એન.ડી./રેવ/૩૪૩૯ તા.૧૮.૦૪.૧૯ થી થાન પેટા વિભાગીય કચેરીને જણાવેલ પરંતુ ઈ–ઉર્જામાં વિદ્યુતશુલ્ક ૦.૨૫ પૈસા ને બદલે ૦.૧૦ પૈસા કરવા માટે ટેકનીકલ એરર આવતી હોવાથી, નોટીફીકેશન વર્કફલો લોન્ચ થયેલ નથી. તેથી ઈ–ઉર્જા સિસ્ટમમાં એરર માટે હેલ્પડેસ્ક માં ટીકીટ મુકેલ જેના નં.PG૩૦૬૭૫૬ છે.

૨.૨ મે. અવસર સીરામીક એલ.એલ.પી. એ મેન્યુફેકચરીગ યુનિટ હોય, તેમનો વિદ્યુત શુલ્ક ૦.૨૫ પૈસાને બદલે ૦.૧૦ પૈસા તા.૦૭.૦૬.૧૯ ના રોજ ઈ–ઉર્જા સિસ્ટમમાં એરર દુર થતાની સાથે જ કરી દેવામાં આવેલ છે. આમ, હાલના તબકકે મે. અવસર સીરામીક એલ.એલ.પી. ની કોઈ વિદ્યુતશુલ્ક ને લગતી ફરીયાદ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. અવસર સીરામીક એલ.એલ.પી., મુ.થાનગઢ એ ફોરમને રજુઆત કરેલ છે કે, તેઓના થાનગઢ ખાતેનાં વીજજોડાણ ગ્રાહક નં.૨૭૭૦૪/૦૦૬૫૦/૯ માં પ્રતિવાદી દવારા ૨૫ % ઈલેકટ્રીક ડયુટી વસુલવામાં આવે છે જયારે બાકીનાં તમામ સીરામીક એકમોમાં ૧૦ % ઈલેકટ્રીક ડયુટી વસુલવામાં આવે છે. પ્રતિવાદીને વારંવાર રજુઆત કરવા છતાં વાદી પાસેથી વસુલવામાં આવતી ઈલેકટ્રીક ડયુટી ૧૦ % પ્રમાણે કરી આપતા નથી, તેવી રજુઆત છે.

૩.૨ વાદીએ ફોરમને કરેલ રજુઆત બાદ પ્રતિવાદીએ ફોરમને રજુ કરેલ જવાબ પ્રમાણે તેમના બીલીગ સીસ્ટમમાં હોવાથી ૨૫ % ઈલેકટ્રીક ડયુટી વસુલવામાં આવતી હતી, હવે જરૂરી કાર્યવાહી કરી એરર દુર કરીને ૧૦ % ઈલેકટ્રીક ડયુટી વસુલવા જરૂરી ફેરફાર કરેલ છે અને ફરીયાદનું નિરાકરણ લાવેલ છે.

૩.૩ વાદીએ રજુઆત ઈલેકટ્રીક ડયુટી ને લગતી હોય, ફોરમનાં કાર્યક્ષેત્રમાં આવતી ન હોય ફોરમને કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એલ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કંું.લી.:ભાવનગર.**

તારીખ :- **૧૧.૦૬ .૨૦૧૯**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.